SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# કૃષ્ણવિરહનું કાવ્ય : પ્રેમપચીશી

પ્રા. ડૉ. પિનાકિન વસંતરાય જોષી
ગુજરાતી વિભાગ,સરકારી વિનયન કૉલેજ, તિલકવાડા, જિ. નર્મદા

વિશ્વનાથ જાની કૃત પ્રેમપચીશીનું કથાવસ્તુ શ્રીમદ ભાગવતના દશમ સ્કંધમાંથી લેવામાં આવ્યું છે. "શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કુલ ૧૨ સ્કંધ (પ્રકરણો/વિભાગો) માં વહેંચાયેલું છે, જેમાં લગભગ ૧૮,૦૦૦ શ્લોકો છે. આ ૧૨ સ્કંધ ભગવાન વિષ્ણુના વિવિધ અવતારો, ખાસ કરીને શ્રીકૃષ્ણની લીલાઓનું વર્ણન કરે છે." (1)

"મધ્યકાલીન સમયમાં ભાલણ પછી પોતાની ભાષાને 'ગુજર ભાષા' તરીકે ઓળખાવનાર વિશ્વનાથ જાની મુખ્યત્વે પ્રેમલક્ષણા ભક્તિનું નિરુપણ કરનાર નોંધપાત્ર કવિ છે. તે મુખ્યત્વે આખ્યાનકાર અને પદકવિ છે."(2)

વિશ્વનાથ જાનીએ ઔદીચ્ય બ્રાહ્મણ છે. તેઓએ પોતાની કૃતિમાં 'જ્યાની' એમ વારંવાર પદના અંતમાં લખેલું છે. એટલે તેઓની અટક જાની હોવાનું અનુમાન કરી શકાય છે. તેઓ પાટણના નિવાસી અને પુષ્ટિમાર્ગીય કવિ હોવાની સંભાવના છે. કવિ વિશ્વનાથ જાનીએ રચેલા ચરિત્ર અને મોસાળ ચરિત્રને અંતે કૃતિની રચના સાલ સંવત ૧૭૦૮ એમ લખ્યું છે એ ઉપરથી અનુમાન કરી શકાય છે કે ઈસવીસન ૧૬૫૨માં તેઓ હયાત હશે. આ ઉપરાંત તેઓએ સગાળચરિત્ર (ઇસ.૧૬૫૨), મોસાળચરિત્ર, ચાતુરીચાલીસી અને પ્રેમપચીશી જેવી કૃતિઓનું સર્જન પણ કર્યું છે.

વિશ્વનાથ જાની દ્વારા રચાયેલી પ્રેમપચીશી પછી શિવનું કથાવસ્તુ શ્રીમદ ભાગવતના દશમ સ્કંધના ૪૬-૪૭માં અધ્યાયમાં નિરૂપાયેલા ઉદ્ધવ સંદેશ ઉપર આધારિત છે. મધ્યકાલીન સાહિત્યમાં ઉદ્ધવ સંદેશ ઉપર કથા વસ્તુનો આધાર લઈને વિશ્વનાથ જાની પહેલા અને વિશ્વનાથ જાની પછી પણ કાવ્યો લખાયા છે.નિરંજન વૉરા આ બાબતે નોંધે છે કે, "નરસિંહની 'શૃંગમાળા'માં ઉદ્ધવ પોતે ગોપીઓને સંદેશો આપતા નથી. પરંતુ ગોપીઓ જ્યારે ઉદ્ધવને મળે છે ત્યારે કૃષ્ણ અને કુબ્જાને ઉદ્દેશીને સંદેશો કહેવડાવે છે. ગોપીઓના હૃદયની કૃષ્ણવિરહની વેદના અહીં આલેખાઈ છે. ઉદ્ધવસંદેશના આખા પ્રસંગના એક ભાગરૂપે તેને સ્વીકારી શકાય. કવિનું લક્ષ્ય મુખ્યત્વે ગોપીઓની વિરહવ્યથા રજૂ કરવાનું છે.

ભાલણે દશમસ્કંધનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. આ સળંગ કૃતિના એક ભાગરૂપે ઉદ્ધવસંદેશનું અહીં નિરૂપણ થયું છે. દશમસ્કંધમાં વર્ણન કરેલ એક પ્રસંગ તરીકે કવિએ પોતાની કૃતિમાં તેને વણી લીધો છે. ભાલણે જસોદાના હૃદયમાં વહેતા વાત્સલ્યરસ અને ગોપીઓના વિપ્રલંભ શૃંગારનું યથોચિત નિરૂપણ કર્યું છે.

ભીમની 'હરિલીલા-પોડશકલા'માં શ્રીકૃષ્ણના સમગ્ર જીવનનું આલેખન થયું છે. ભાલણના દશમસ્કંધની જેમ અહીં પણ કૃતિના એક ભાગ તરીકે કાવ્યની ૧૩મી કલામાં ઉદ્ધવસંદેશની કથાનું સંક્ષિપ્ત નિરુપણ છે.

કેશવદાસ કાયસ્થે 'શ્રીકૃષ્ણક્રીડાકાવ્ય'માં દશમસ્કંધનું જ ૪૦ સર્ગમાં હૃદયંગમ રીતે આલેખન કર્યું છે. આ કાવ્યમાં પણ સળંગ કૃતિના એક પ્રસંગ તરીકે જ ઉદ્ધવસંદેશનો પ્રસંગ વર્ણવાયો છે. તળપદી લોકભાષામાં કવિએ ગોપીઓના વિરહભાવને અસરકારક રીતે વ્યક્ત કર્યો છે."(3)

આ ઉપરાંત પણ આ ઉપરાંત પણ કેશવદાસ, ગિરિધરદાસ, ગોવિંદ રામે, જીવનદાસ, કવિ રણછોડ, નાકર, કવિ ભીમ, કવિ પ્રિતમે દશમ સ્કંધનો કથા વસ્તુ લઈને કાવ્ય રચનાના પ્રયત્નો કરેલા છે.

પ્રેમપચીસીની શરૂઆત જ દેવકીની કૃષ્ણ પ્રત્યેની ચિંતાથી શરૂ થાય છે :

કેહે દેવકી શ્રીકૃષ્ણને "સાંભલ્ય માહારા તંન
મોહનજી મથુરા વિષે શે નથી માનતું મંન ? ૧

દેવકી કૃષ્ણની ઉદાસીથી બેચેન છે. કૃષ્ણને ખુશ કરવા માટે દેવકી મથુરાની અંદર આખું ગોકુળ ગામ ફરી ઊભું કરવા માટે તત્પર છે. પરંતુ શૈશવ સમયે જોયેલું ગોકુળ અને માતા યશોદા પ્રત્યેનો પ્રેમથી કૃષ્ણ તેમના સ્મરણમાં ખોવાઈ જાય છે. કૃષ્ણના શબ્દોથી વ્રજની પ્રેમભરી સૃષ્ટિનું નિર્માણ થાય છે. જેથી દેવકી નિરાશ થઈ જાય છે તેને અનુભૂતિ થાય છે કે શું મારો દીકરો સતત પરાયો જ રહેશે અને તે વાસુદેવને વિનવે છે કે કૃષ્ણને મથુરામાં ગમે તેવું કંઈક કરીએ. પરંતુ વાસુદેવને ખબર છે કે મથુરાનો વૈભવ મણિ, મુકતાફળ કે છપ્પનભોગનું ભોજન કૃષ્ણને આકર્ષી શકશે નહીં. આમ પ્રેમપચીશીના આરંભના પદોમાં દેવકી વાસુદેવની હૃદયવ્યથા પ્રગટ થઈ છે. સંતાન માતા પિતાને પરાયા માને એની વેદના કેટલી કઠિન હોય છે તે દેવકી વાસુદેવના પાત્ર દ્વારા વિશ્વનાથ જાનીએ ખૂબ સારી રીતે બતાવી છે. કૃષ્ણને કેટલા પ્રકારની ભોગસામગ્રી, સંપત્તિ, સુખના સાધનો છે છતાં તે ગોકુળને ભુલાવી શકતો નથી. આ હકીકત દેવકીને સમજાતી નથી. તેથી દેવકી નિરાશ છે. વાસુદેવ આ વાતને સમજી શકે છે તે દેવકીને કૃષ્ણના ગોકુળવાસીઓ પ્રત્યેના પ્રેમનું કારણ સમજાવવા પ્રયત્ન કરે છે. છતાં પોતે પિતા તો છે ને? એટલે જ તે કૃષ્ણ પાસે આવે છે પ્રેમથી એમનો હાથ પકડે છે અને કહે છે:" અમને અન્ય માં જાણ્ય" આમ કહેતા માતા પિતાની અહીં આંતરવ્યથા પ્રગટ કરી છે.

કૃષ્ણ પણ મથુરામાં રહીને ગોકુળના સ્મરણોને યાદ કરે છે. તેમાં કૃષ્ણનો ગોકુળ પ્રત્યેનો અને નંદ યશોદાનો કૃષ્ણ પ્રત્યેનો અપાર પ્રેમ પ્રગટ થાય છે.નવમા પદમાં ગોકુળના પ્રસંગો અને અનુભવોની યાદ કૃષ્ણનાહૃદયને વિચલિત કરે છે. અને ઉદ્ધવ દ્વારા સંદેશો મોકલવાની ઈચ્છા દર્શાવે છે.દશ, અગિયાર અને બારમાં પદમાં કૃષ્ણ ઉદ્ધવને ગોકુળ જવા માટે કહે છે અને નંદ યશોદા તથા માતા પિતા માટેનો સંદેશો આપે છે. અહીં કૃષ્ણનો નંદ યશોદા પ્રત્યનો અપાર સ્નેહ, પ્રેમ, આદર અને અહોભાવ વ્યક્ત થાય છે. પુત્ર વિરહને કારણે નંદ યશોદાને કેટલી બધી વેદના થતી હશે તેનું વર્ણન કરતા કૃષ્ણ ઉદ્ધવને કહે છે કે :

"મુને સાંગલતું અહીં છે નહીં, વાહાલું વ્રીજ્યકેરું મહી.
ઉદ્ધવ માહારી માવડી; તેણે વાત ન જાણી આવડી.
મુને ઉધામા આલશ ઘણું; મન્યે અંતરગત શું નમણું !
થોડે નીરે જ્યમ માછલી, ત્યમ મુજ વિના માડી એકલી."

આગળ કૃષ્ણ ગોકુળ અને મથુરાના સુખની તુલના કરતા કહે છે કે :

"એક ઘડી ગોકુલના સુખની મથુરામાં જનમારો રે.
વૈકુંઠથી વિશેષ વાહાલો, મુને જ્યમુનાનો આરોરે.

બારમા પદ સુધી અહીં કથામાં દેવકી-વાસુદેવ, દેવકી અને કૃષ્ણ, વાસુદેવ અને કૃષ્ણ તેમજ કૃષ્ણ અને ઉદ્ધવ વચ્ચેના સંવાદો દ્વારા એક વિશિષ્ટ ભાવ જગતનું નિર્માણ થયું છે. અહીં દેવકી વાસુદેવનું વાત્સલ્ય ભાવ તેમજ નંદ અને યશોદાનો કૃષ્ણ વિરહની વેદના અનુભવે છે. બંને પક્ષે માતા-પિતાની હૃદય વ્યથા કવિએ ખૂબ કુશળતાપૂર્વક અને માર્મિક બાબતોને પણ અહીંયા નિરૂપી છે. કૃષ્ણનો આંતર સંઘર્ષ, કૃષ્ણને વૃંદાવન છોડવાનો થતો અપરાધભાવ જોવા મળે છે.

તેરમા પદમાં ઉદ્ધવ ગોકુળ પહોંચે છે. ત્યાંથી વર્ણન શરૂ થાય છે. અહી કવિએ પાત્રગત હૃદય ભાવોને સંવાદાતમક રીતે રજૂ કર્યા છે. નંદ યશોદાની ઉદ્ધવ કૃષ્ણનો સંદેશો કહે છે કે, શ્રીકૃષ્ણ સુતા, બેઠા બેઠા,હસતા રમતા, રાત્રે અને દિવસે તમને અને ગોકુળ વાસીઓને યાદ કર્યા કરે છે. ઉદ્ધવ સાથે કૃષ્ણની વાત કરતા કરતા જશોદાની આંખોમાંથી પણ આંસુ વહે છે અને તે કૃષ્ણના બાળપણની યાદોમાં ખોવાઈ જાય છે.

નંદ રાજા પણ જશોદાની કરુણાનું આલેખન ઉદ્ધવ સમક્ષ કરે છે. ત્યાં તેમનું વ્યાકુળ પિતૃહૃદય પ્રગટ થાય છે. વૃદ્ધાવસ્થામાં પુત્ર જતા તેમનું ઘર ખાલી થઈ ગયું છે. તે વેદના કવિએ ખૂબ સારી રીતે વણી લીધી છે. અઢારમાં પદમાં ઉદ્ધવ ગોપીઓને કૃષ્ણનો સંદેશો આપી તેઓને જ્ઞાનમાર્ગ બતાવે છે. ઉદ્ધવ ભિન્ન ભિન્ન ભ્રષ્ટાંતો દ્વારા જીવ અને બ્રહ્મની એકતા સમજાવે છે. જેમ શબ્દોમાં અક્ષર છે અને અક્ષરમાં શબ્દ છે, કંકણમાં હેમ છે અને હેમમાં કંકણ છે, દીપકમાં અગ્નિ છે અને અગ્નિમાં દીપક છે, પુષ્પ અને સુગંધ, વસ્ત્ર અને તંતુના સંબંધની જેમ શિવ અને જીવનો સંબંધ છે તેવી જ રીતે વ્રજ અને કૃષ્ણનો સંબંધ પણ અતૂટ છે. અન્ય ઉદાહરણ આપતા સમજાવે છે કે, ફળ અને વૃક્ષ તથા વૃક્ષ અને ફળ જેવો આત્મા પરમાત્માનો સંબંધ છે. ચંદ્રમાં એ હરિનું જ સ્વરૂપ છે એના અનેક પ્રતિબિંબોથી જુદા જુદા સંસાર સર્જાયા છે જેમ દૂધમાં સૂક્ષ્મ રૂપે ઘી રહેલું છે તેમ સર્વમાં પ્રભુનો નિવાસ છે.ઉદ્ધવ જ્ઞાન પ્રગટ કરતા અંતે કહે છે કે જેના અણુ અણુમાં કૃષ્ણત્વ વિલસી રહ્યું છે, તેવી વ્રજની ભૂમિ ધન્ય છે.પરંતુ ઉદ્ધવની આ જ્ઞાનવાણી ગોપીઓને પસંદ આવતી નથી ગોપીઓને આ બધું અર્થ વગરનું માત્ર સમજાવટ જેવું લાગે છે. ગોપીઓ કૃષ્ણની વિવિધ લીલાઓ ઉદ્ધવને કહી સંભળાવે છે. કૃષ્ણએ જે પગલાં ગોપીઓના ઘરોમાં પાડ્યા હતા, જ્યાં લીલાઓ કરી હતી ત્યાં ગોપીઓ ઉદ્ધવને લઈ જાય છે અને કૃષ્ણની લીલાઓનો સાક્ષાત્કાર કરાવવા પ્રયત્ન કરે છે.નંદ જશોદાનું કૃષ્ણ પ્રત્યેનો વાત્સલ્ય ભાવ

અને ગોપીઓનું કૃષ્ણ પ્રત્યેનો મુક્ત પ્રેમની અનુભૂતિથી ઉદ્ધવનો જ્ઞાનગર્વ દૂર થઈ જાય છે. ઉદ્ધવને એ સ્પષ્ટ સમજાઈ જાય છે કે જ્ઞાન કરતાં ભક્તિ ખૂબ મોટી છે. તેને સાકર ભક્તિનો મહિમા સ્વયં સમજાય જાય છે અને તે પસ્તાવા રૂપે કહે છે કે " હે પ્રભુ! મને વ્રજભૂમિમાં ઘાસ રૂપે કેમ ન સર્જ્યો?" હું ઘાસ રૂપે અહીં સર્જાયો હોત તો આ બધાના ચરણસ્પર્શથી મારું જીવન ધન્ય બની ગયું હોત. કદાચ કૃષ્ણએ મને આ સંદેશો આપવા માટે મોકલીને મારો જ્ઞાન ગર્વ દૂર કર્યો છે. તેવું આતમજ્ઞાન ઉદ્ધવને થાય છે.

ત્રેવીસ અને ચીવીસમાં પદોમાં ઉદ્ધવ ગોપીઓ અને યશોદા-નંદની વિદાય લે છે. ગોપીઓની વાણીમાં કૃષ્ણ પ્રત્યે ગુસ્સાનો ભાવ કુબ્જા પ્રત્યેની ઈર્ષા અહીં જોવા મળે છે જશોદાની અર્તવાણીમાં પુત્ર મથુરામાં વસવાટ કરવાની કારણે તેના ઘરમાં સુનકર છવાઈ ગયો છે તે એકલતા અનુભવી રહી છે તે જોવા મળે છે. ગામના પાદર સુધી નંદ ઉદ્ધવને વળાવવા જાય છે. ત્યાં નંદ પોતાની નિઃસંતાન અવસ્થાની એકલતા, જશોદા માટેની ચિંતા અને અંતરવ્યથા પ્રગટ કરે છે. કૃષ્ણ એકવાર ગોકુળમાં આવે અથવા તો તેઓને મથુરા બોલાવી લે એવી નંદની પ્રાર્થના સાથે આ કાવ્ય પૂર્ણ થાય છે. આ કાવ્ય જે ગાશે કે સાંભળશે તેના ઉપર કૃષ્ણ સદાય સ્નેહ રાખશે તેવી ફળશ્રુતિ કવિએ અંતમાં આપી છે.

મથુરામાં દેવકી પાસે કૃષ્ણ છે. પરંતુ મથુરાના મહેલોમાં સર્વસ્વ પ્રાપ્ત થાય તેવી સુવિધાઓ હોવા છતાં કૃષ્ણનું મન ક્યાંય લાગતું નથી. તેથી દેવકીનું માતૃ હૃદય ખૂબ વ્યાકુળ બને છે દેવકી પોતાના વર્ષો પછી પ્રાપ્ત થયેલા પુત્રને ખૂબ ખુશ જોવા માંગે છે. મથુરાની બધી જ ભોગ સામગ્રીથી કૃષ્ણનું મન રિઝે એમ નથી એને તો ગોકુળની ગાયો, ગોવાળિયા, મોરપીંછ એ બધું જોઈએ છે.દેવકી તેને હીરે જડેલી વાંસળી આપીને અને નંદ-યશોદાને મથુરામાં બોલાવીને પણ કૃષ્ણને પ્રસન્ન રાખવા માટે પ્રયત્નો કરે છે આ માટેનો એક પ્રયત્ન જોઈએ

"માખણ પરઘરનું ભાવે, બલેહારી રે, તો ઇચ્છે છે સહુ કોય, બલા લેઉં તાહારી રે."

પુત્રવિરહથી વ્યાકુળ માતાપિતાનાં વત્સલ હૃદયની વેદના આ કૃતિમાં એક વિશિષ્ટ ભાવસૃષ્ટિનું નિર્માણ કરે છે. અહીં 'એક ઘડી કોણે ન થવાયે માહારી, યુગમાં જસોદા માત' – કહેતા કૃષ્ણના હૃદયમાં વહેતા નંદ-યશોદા, પ્રત્યેના અપાર પ્રેમભાવનું હૃદયંગમ આલેખન થયું છે. ગાયો ચરાવતા, માખણ ચોરતા, ગોપીઓની ફરિયાદો લાવતા, માંકડાને મહી ખવડાવતા અને માતાની સાડીને વણસાડતા શ્રીકૃષ્ણનાં શૈશવને તાદશ કરતાં શબ્દચિત્રો કૃતિમાં આલેખાયેલાં છે. બાળપણના પ્રસંગોનાં સ્મરણો દ્વારા જશોદામાતાની પુત્રવિરહની વ્યથા કરુણમધુર રૂપે શ્રીકૃષ્ણની ઊક્તિઓ દ્વારા માર્મિક રીતે અભિવ્યક્ત થઈ છે.

શ્રીકૃષ્ણ કહે, માતા! સુણો મુંને વહાલો વ્રીજનો સાથ, હઈઅડેથી નવ્ય ઉતરે', મુંને જસોદાજીનો હાથ.

સીંકુ તે સ્કંધે ઘરી મેં ગોકુલ ચારી ગાય, તે વૈભવ વૈકુંઠ નથી તો ક્યાંહાંથી મથુરાં માંહે ?

વ્રજનું જીવન વૈકુંઠમાં નથી તો મથુરામાં ક્યાંથી હોય તેમ કહી કૃષ્ણ દિવસ-રાત ગોપીઓને ખૂબ યાદ કરે છે.શ્રીકૃષ્ણના ચિત્તને પ્રસન્ન કરવા, મનને ઉલ્લાસિત કરવા દેવકીએ કેટલાંયે વાનાં કર્યાં, પણ ગોકુળનો વૈભવ તો વૈકુંઠમાંયે નથી, એમ કહેતા શ્રીકૃષ્ણને તે મનાવી શકતી નથી. શ્રીકૃષ્ણ ગોકુળની પ્રેમસૃષ્ટિને ભૂલી શકતા નથી. આટલા વર્ષો પછી દેવકીને પેટ જણ્યો દીકરો રૂબરૂ પ્રાપ્ત થયો છે તેના હીત માટે, આનંદ માટે વિવિધ પ્રકારની સામગ્રી ઘરી દીધી છે, તો યે તેને ગમતું નથી, એ ખ્યાલથી દેવકી વ્યથા પામે છે. માતૃસહજ આ વ્યથાનો ભાવ તે વાસુદેવ સમક્ષ વ્યક્ત કરે છે. અને કૃષ્ણના ચિત્તને પ્રસન્ન રાખવાના ઉપાયો શોધવા વિનંતી કરે છે. માતાના હૃદયની અધીરાઈ, ચિત્તનો સંતાપ અને પુત્રને પ્રસન્ન જોવાની તીવ્ર ઉત્કંઠા અહીં પ્રગટ થાય છે. એટલે કે અહીંયા દેવકીની વિરહવ્યથા આ રીતે રજૂઆત પામે છેઃ

આસન ભોજન શયન સુખાસન વીગતે પૂછું વાત રે,
અમશું કાંઈ સગપણ નહી; બાઈ! તમ્યો છો એહની માત;
....જ્યશોદા જાણશે રે.
કોટિ' કામ મુકી કરીને કરવો એહે ઉપાય રે,

શ્રીકૃષ્ણના પિતા વાસુદેવનું પિતૃ હૃદય દેવકી અને કૃષ્ણની બંનેની મનઃસ્થિતિ પારખી લેછે. વાસુદેવ દેવકીને સમજાવે છે કે, ગોકુળની સમગ્ર સૃષ્ટિ નંદ- યશોદા મથુરામાં સર્જવી ખુબ મુશ્કેલ છે. આ સમજાવતાં વાસુદેવ કહે છે કે,

તે આલિંગન દે આફણિયે, કોટે વલગે ઘાઈ રે,
મરકલડાં કરતું મુખ ચૂંબૂ : વાહાલી માહારી આઈ;

જયેહેનો જશ બ્રહ્માદિક સરખા વ્યાહારે વેદ વખાણે રે,
શેષ રેખ ગુણ ગાતો ન રહે, થોડાં મુખ મન આણે;

વાસુદેવ  દેવકીને પ્રેમનું મહાત્મ્ય સમજાવે છે કે, ગોકુળમાં સ્નેહનું સામ્રાજ્ય હતું અને અહીં મથુરાનો મહેલ કે સોનું,  રૂપુ, કૃષ્ણને આકર્ષી શકતું નથી. તેનું કારણ વાસુદેવ સમજાવે છેઃ

સોનું રૂપૂં મણિ મુગતાફલ મેહેલ્યાં મંન ઉતારી,
મોરપીંછશું પ્રેમ ઘણો ને ગલે ગુંજા રહ્યો ધારી;

વાસુદેવ સમજાવે છે કે જેના હ્દયમાં શુદ્ધ પ્રેમભાવ હોય તેને ત્યાં જ પરમાત્મા આવે છે છપ્પનભોગ કરતાં પણ પ્રેમથી પીરસેલી લુખી રોટલી પુરષોત્તમને વધુ ભાવે છે.

વાસુદેવ દેવકીને પોતાના નો જ પુત્ર જાણે પરાયો હોય તેવી લાગણી થાય છે. તેથી વાસુદેવખૂબ જ આર્તવાણીથી કૃષ્ણનો હાથ પકડી કહે છે 'અમને અન્ય મા જાણ્ય'. અને સમજાવે છે કે સંજોગો વસાત પુત્રનો ત્યાગ મારે કરવો પડ્યો હતો એટલે વિયોગની વેદના તો સહન કરી છે પણ હવે જ્યારે પુત્ર નજર સમક્ષ છે ત્યારે પણ પુત્રના હૈયામાં જન્મદાતા માતાપિતા પ્રત્યેનો ઉમળકા ભર્યો સનેહભાવ જોવા મળતો નથી. એટલે નાંદ-યશોદાને ઘરે તમારો ઉછેર ભલે થયો હોય પણ તમારા સાચા માતાપિતા તો અમે જ છીએ. મોરમુગટ અને ગુંજાની માળા મૂકીને  રાજવી પોશાક અને મોતીની માળા ધારણ કરીને અનેક પ્રકારના રાજભોગ ભોગવવા કૃષ્ણને તેઓ સમજાવે છે. પુત્રનો પ્રેમ પામવા ઈચ્છતા પિતાનું વ્યાકુળ હ્દય અહીં પ્રગટ થયું છે.

શ્રી કૃષ્ણ પણ ગદગદીતકંઠે વાસુદેવ સમક્ષ નંદ-યશોદાના નિર્મળ,નિઃસ્વાર્થ ભાવના સ્મરણો વ્યક્ત કરે છે. કૃષ્ણના જણાવ્યા મુજબ નંદ પોતાનું સર્વ કામ છોડીને તેની ઈચ્છા પૂર્ણ કરવા મથતા, તેને ખૂબ લાલ લડાવતા પુત્રના મુખનું દર્શન જ તેમના માટે સ્વર્ગથી વધારે હતું. આ ભાવ વ્યક્ત કરતા કૃષ્ણ કહે છે કે :

'એકઠો બેસી જ્યમ્યો કંઠ વલગી રમ્યો'

આવા વત્સલ પિતા પોતાના વગર કેવી રીતે સમય પસાર કરતા હશે ? તેની ખૂબ ચિંતા કૃષ્ણને થાય છે. નંદનું ઘર તેના માટે ઇન્દ્રના આવાસથી પણ ખૂબ વધારે મહત્વ પૂર્ણ હતું . જશોદા માતાને યાદ કરતા તે કહે છે કે, તે મને આનંદથી ઊંચકીને ચુંબન લેતી, કાલુ-ઘેલું બોલીને મને રિઝવતી, ગાયનું તાજું દોહેલું દૂધ કાઢીને આપતી,દરરોજે નવું નવું ભોજન આપતી, જશોદાનો વીરહ  કૃષ્ણ આ રીતે વ્યક્ત કરે છે :

સુતના સ્નેહ-વિયોગે શુધી ' સૂકાશે...શુધી... આનંદે ઊંચકી લેતી, ચાલંતાં ચુંબન દેતી;

ઉદ્ધવને  સંદેશો મોકલવા વ્રજ મોકલે છે ત્યારે કૃષ્ણ જશોદા માટે કહે છે કે

જઈને નિશ્ચે કરી, કેહેજ્યો એક વચન : રાત્ય દિવસ અલગું નથી, તમથી માહારું મન.'

આગળ કૃષ્ણ પરાકાષ્ઠા દર્શાવતાં કહે છે કેઃ

મુને ઉધામા આલશ ઘણું;મન્યે અંતરગત શું નમણું !
થોડે નીરે જ્યમ માછલી,ત્યમ મુજ વિના માડી એકલી.
માને સુનું સરખું લાગશે; બીજાં બાલક સુખડી માગશે.
મા માખણપિંડ ઊતારશે; માને નંદજી શું કહી વારશે ?...

ઉદ્ધવને કૃષ્ણ સંદેશો આપે છે કે મથુરામાં સર્વ પ્રકારની સુખ સંપતિ વચ્ચે પણ તે પોતાનાં માતા-પિતાના વિયોગથી ખૂબ દુઃખી છે. ઉદ્ધવ સાથે તે સંદેશો મોકલે છે કેઃ

કેહેજ્યો અતિ આદર કરી નંદજીને એક વાત,
'માહારા સમ : મોહને કહ્યું : રખે દૂભતા માત!"

તમે સહેજ પણ દુઃખી થતાં નહીં  તેમ માતાપિતાને કહી કૃષ્ણ આગળ કહે છે કે તેને વૈકુંઠ કરતાં પણ યમુનાનો કિનારો વધારે આકર્ષે છે. ગોકુળની એક ઘડી માટે ભોગવેલા સુખની તોલે કોઈ આવી શકે તેમ નથી.

લક્ષપેરે લાડ કીધાં; દહીં દૂધ માગીને પીધાં
ત્રઈલોકકેરી શોભા તોલો ટુંકારો... ટુંકારો.

મથુરાથી કૃષ્ણનો સંદેશો લઈને આવેલ ઉદ્ધવ સમક્ષ શ્રીકૃષ્ણના સ્મરણમાં નંદ-યશોદા પોતાની વિરહવ્યથા પણ રજૂ કરે છે. ' મુખ જોઈ મનડાને ઠારું, માડી કહી બોલાવે'.

પોતાનો જ પુત્ર ગોકુળ છોડીને મથુરા નિવાસી થશે તેવું યશોદાએ સ્વપ્નમાં પણ વિચાર્યું નહોતું. ભૂતકાળમાં કેટલી વાર કૃષ્ણની ઈચ્છાઓને પોતે તૃપ્ત ન કરી શકી હોવાનું અપરાધ ભાવ યશોદાને ઘેરી વળે છે. બાળ કૃષ્ણના વાંકડિયા વાળ અને તેનું મુખ ધોઈને તિલક કરતા દ્રશ્યો તેની વેદના ને વધુ ઘેરી બનાવે છે. યશોદાનો વાત્સલ્ય યુક્ત વિરહભાવ એક પદમાં આ રીતે રજૂ થયો છે :

અમૃત આવ્યું'તુ કરમાંહે, ઓછે કરમે ઢલિયું.
'જલહલતો એ બ્રહ્મ કાહાનજી', વ્રીજ્યવાસીએ નવ્ય કલિયું.

નંદનું પિતૃ હૃદય પણ પુત્રવિરહની અપાર વેદનાઓ અનુભવે છે. નંદ પોતે તો પીડા અનુભવે છે પણ તે યશોદાની વ્યાકુળ મનોસ્થિતિને પણ વર્ણવતા કહે છે કે : "હું થી અધિક શોગણી વહાલી એની માત" અને આગળનો પ્રશ્ન તો વિરહની પરાકાષ્ઠા દર્શાવે છે કે "હવે કોને કહેશે તંન?" પુત્રવિરહમાં યશોદાની આંખમાંથી જાણે શ્રાવણના નીર વહે છે. કૃષ્ણની યાદમાં કોળીયો પણ ગળે ઉતારવો મુશ્કેલ બન્યો છે. ગાયને નિત્ય દોહે છે પણ દૂધની ધાર જોઈને શ્રીકૃષ્ણની સ્મૃતિ સળવળી ઊઠે છે. ગાય ચરાવી પાછા વળતા ગોપબાળોને જોઈને યશોદાનું માતૃહૃદય વિહ્વળ બની જાય છે. કૃષ્ણનું પારણું, પલંગ, વાંસળી, અલંકાર જેવી અનેકવિધ વસ્તુઓ તેમની યાદને વધુ ઘેરી બનાવે છે.

'અમ્યો જીવું કેહી પેરય?'એટલે કે અમે કઈ રીતે જીવીશું? પુત્રના વ્યક્તિ વ્યક્તિત્વ માતાપિતાના કરુણ વાત્સલ ભાવ અંતે પ્રશ્ન પૂછે છે કે મૃત્યુ ટાણે તો છેવટે આવશે ને?અહિયાં નંદ-યશોદાનો કૃષણવિરહ આત્યંતિક રૂપે પ્રગટ્યો છે.

ઉદ્ધવ આવ્યા છે પરંતુ કૃષ્ણ આવ્યા નથી એ જાણી ગોપીઓના આંખમાંથી અશ્રુઓની ધારા વહેવા માંડે છે. અને ગોપીઓ ગુસ્સે ભરાય છે. કૃષ્ણ માટે કટાક્ષ વચનો બોલે છે. કૃષ્ણના કામણથી અંજાયેલી ગોપીઓ કૃષ્ણના વિરહને સહી શક્તિ નથી. ઉદ્ધવ કૃષ્ણવિરહનું જ્ઞાનપીરસે છે, તે ગોપીઓને ગમતું નથી. ગોપીઓ ઉદ્ધવને સ્પષ્ટ કહે છે કે યોગની વાતો તમે બીજા કોઈને કહેજો અમારે તો એટલી ઈચ્છા છે કે કૃષ્ણ ગોકુળ આવે અને અમારી વ્યથાને દૂર કરે. ગોપીઓ કહે છે કે :

વિસાર્યાની વાત હોએ, તો વીસરે નહીં શા ભણી ?
તન-મંન તે દિન સોંપિઆં; અમ્યો સરવનો કીધો ધણી

ઉદ્ધવ ને પણ થાય છે કે જ્ઞાનમાર્ગ કરતા ભક્તિ માર્ગ શ્રેષ્ઠ છે. પ્રભુ એ મને વ્રજનું ઘસરૂપે કેમ અવતાર ન આપ્યો? તેવું વિચારી દુ:ખી થાય છે. મથુરામાં રહેતા કૃષ્ણના સાકાર સ્વરૂપને તો તેણે જોયું હતું પણ વ્રજના પ્રત્યેક નરનારી, પશુ, પંખી અને વૃક્ષમાં પણ પ્રેમ સ્વરૂપે રહેલા કૃષ્ણને પ્રભાવને તેઓ પારખે છે. પોતાના જ્ઞાન ગર્વ દૂર થવા બદલ તે પોતાની જાતને કૃતાર્થ માને છે.

ઉદ્ધવને વળાવવા છતાં નંદ યશોદાની પુત્ર વિરહની અવ્યક્ત વેદના રજૂ કરે છે. તે સમજાવે છે કે, હું તો પુરુષ છું. ધીરજ ધરીને પુત્રવિરહનું દુ:ખ સહન કરી શકીશ પણ 'મરશે એની માત' એમ કહી યશોદાની વેદનાની તીવ્રતા વ્યક્ત કરે છે. નંદ એક જ અપેક્ષા સેવે છે કે કૃષ્ણ થોડા દિવસ માટે પણ આ ગોકુળના લોકોનો શોક દૂર કરવા અને વૃદ્ધ માતા પિતાને મળવા માટે આવે અને તેમનો થાય તો છેવટે તેમને મથુરા તેડાવે. અંતે તેઓ ઉદ્ધવને કહે છે કે કૃષ્ણએ તમને અમારી પીડા હરવા માટે મોકલ્યા છે પરંતુ અમારી પીડા દૂર થઈ નથી.

પ્રેમપચીશીને નાટ્યાત્મક ઊર્મિકાવ્ય તરીકે મૂલવતા શ્રી જયંત કોઠારી નોંધે છે કે, "વિશ્વનાથની આ કૃતિને નાટ્યાત્મક ઊર્મિકાવ્યની એક માળા તરીકે જોઈ શકાય છે. ઉદ્ધવસંદેશનાં કાવ્યોમાં ગોપીઓની ઉક્તિઓ મોટો ભાગ રોકતી હોય છે ને પ્રેમાનંદ અને દયારામે તો, કદાચ વિશ્વનાથના અનુસરણમાં, ઘણાંખરાં પદો પાત્રોદ્‌ગાર રૂપે રચ્યાં છે પણ વિશ્વનાથે કથનવર્ણનને અશેષવત્ કરી નાખ્યાં છે એવું પ્રેમાનંદ કે દયારામ પણ કરી શક્યા નથી."(૪)

ગુજરાતી સાહિત્ય કોશ ખંડ -૧ પ્રમાણે "કવિની ઉત્તમ કૃતિ તો ભાગવતના ઉદ્ધવ સંદેશને વિષય બનાવીને રચાયેલી ૨૪ ગુજરાતી અને ૧ વ્રજ-હિંદી પદની 'પ્રેમપચીસી' છે, અભિવ્યકિત કે ભાવનિરૂપણની દષ્ટિએ ઉદ્ધવસંદેશનાં અન્ય કાવ્યોથી આ કૃતિ જુદી પડી જાય છે. દેવકી, કૃષ્ણ, વસુદેવ, નંદ, જસોદા, ગોપી કે ઉદ્ધવની ઉકિત રૂપે સંવાદાત્મક રીતિથી ગૂંથાયેલાં આ પદોમાં ગોપીઓએ કૃષ્ણને આપેલા ઉપાલંભોમાં કે એમની વિરહવ્યાકુળતામાં શૃંગારભાવનું કેટલુંક નિરૂપણ છે, પરંતુ કૃતિમાં પ્રધાન રૂપે તો અનુભવાય છે કૃષ્ણ અને નંદજસોદાનો પરસ્પર માટેનો પ્રેમ. ભાવની નૂતનતા, મૂર્તતા, સૂક્ષ્મતા કે ઉત્કટતા ને ભાષાની પ્રસાદિકતાની દ્રષ્ટિએ એ ગુજરાતીની મનોરમ કૃતિ છે."(૫)

ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રન્થ-૨ ખંડ-૨ મુજબ "આ પછી પ્રેમપચીસી' એ વિશ્વનાથનો ઉત્કૃષ્ટ અને પરિણત પ્રજ્ઞાના ઉત્તમ ફળ સમો કાવ્યગ્રંથ છે. સોળમા શતકના અને મધ્યકાલીન સાહિત્યના છેલ્લા છતાં તેજસ્વીપ્રતિનિધિ કવિ દયારામ સુધીના કવિઓએ ભાગવતના ૪૬-૪૭ એ બે અધ્યાયોમાં નિરૂપિત ભ્રમરગીતના ઉદ્ધવસંદેશ અને ઉદ્ધવગોપીસંવાદને વસ્તુવિષય બનાવી કાવ્યો લખ્યાં છે. પ્રેમપચીસી' એ વિશ્વનાથનો ભાગવતને અનુસરતો આવો જ ૨૫ પદોમાં રચાયેલો ભક્તિ અને કરુણવત્સલ રસે નીતરતો આખ્યાનાત્મક 'ઉદ્ધવસંદેશ' છે." (૬)

આમ પ્રેમપચીશીમાં જુદા જુદા વિવેચકોએ ભાવનાત્મક રીતે જુદા જુદા મૂલ્યાંકનો કર્યા છે. કોઈએ તેને વાત્સલ્યનું કાવ્ય કહ્યું છે. તો કોઈએ તેને વિરહનું કાવ્ય કહ્યું છે. ઘણાય તેને ઉદ્ધવ સંદેશ તરીકે પણ તપાસવાનો પ્રયત્ન કરી જોયો છે. મારા માટે તો આ કૃતિમાં દેવકી વાસુદેવની સાથે કૃષ્ણ છે. પરંતુ કૃષ્ણનું મન ગોકુળમાં છે. તેથી દેવકી વસુદેવને કૃષ્ણનો વીરહ છે. પોતાનો પુત્ર પરાયો થઈ જવાની વ્યાકુળતા ઘેરી વળે છે. જ્યારે નંદ-યશોદા કૃષ્ણને ખૂબ પ્રેમ કરે છે. જે યશોદા માતાએ કૃષ્ણને ધવરાવીને મોટો કર્યો છે, જે કૃષ્ણ મથુરામાં જઈને વસવાટ કરશે તેવું તેને સ્વપને વિચાર્યું નથી તે કૃષ્ણ આજે તેની સામે નથી. તેથી નંદ જશોદા પણ કૃષ્ણ વિરહમાં ગરકાવ થઈ ગયા છે.

**સંદર્ભ નોંધ**


- www.wikipedia.org
- વિશ્વનાથ જાની કૃત પ્રેમપચીશી, નિરંજન વોરા, પાર્શ્વ પબ્લિકેશન પૃષ્ઠ 18.
- વિશ્વનાથ જાની કૃત પ્રેમપચીશી,નિરંજન વોરા, પાર્શ્વ પબ્લિકેશન પૃષ્ઠ 20.
- એક અનન્ય નાટ્યોર્મિગીતમાળા જયંત કોઠારી (લેખ)
- ગુજરાતી સાહિત્ય કોશ ખંડ મધ્યકાળ સંપાદક ૧-- રમણ સોની ગુજરાતી સાહિત્ય પરિષદ પૃ ૪૧૭-
- ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રન્થખંડ ૨--૨ સંપાદક ૬૨-રમણ સોની ગુજરાતી સાહિત્ય પરિષદ પુ -